શ્રી
MOCHAUM
ESTD : 2004

# શ્રી મોઢ ચાતુર્વેદિય ઉત્કર્ષ મંડળ

C/o, ચેતન એન. ત્રિવેદી: ૮૦૩/૮૦૪, કર્મ સંદેશ-૨, જનતા કોલોની રોડ, હીંગવાલા કોસ લેન,
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૭૭, મોબાઇલ - ૯૮૨૦૫૪૫૬૭૬, ફોન : ૨૫૦૧૨૮૧૨

Regd. No. : E 22310 (Mumbai) Dt. 28/01/2005

સુજ્ઞ જ્ઞાતિજનો, તા. ૦૭ ૧૦.૨૦૧૭

નવલા નોરતાં પૂરા થયાં, માતાજી આપણી સમગ્ર જ્ઞાતિની દરેક રીતે પ્રગતી કરે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના - નવા વર્ષના આપ સહુને એડવાન્સમાં નૂતનવર્ષાભિનંદન. આવનારૂં નવું વર્ષ સર્વ જ્ઞાતિજનોને આનંદદાયક, ફળદાયક, સુખદાયક તેમજ આરોગ્યપ્રદ નિવડે તેવી પ્રભુ-પ્રાર્થના.

આપણી જ્ઞાતિની વાર્ષિક સર્વ-સાધારણ સભા (એ.જી.એમ.) તા. ૧૭-૦૯-૨૦૧૭, રવિવારના રોજ વ્યાસ ક્લાસિસ, કાંદીવલી ખાતે આયોજીત કરવામાં આવેલ તેમાં ગતવર્ષનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ-કિતાબ રજૂ કરવામાં આવેલ, તે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. તે બદલ ખૂબ ધન્યવાદ.

આ વર્ષનો દિવાળી સ્નેહ-મિલન કાર્યક્રમ તા. ૨૯-૧૦-૨૦૧૭, રવિવારના રોજ જ્ઞાતિના વડિલ શ્રી. અમૃતલાલ મગનલાલ ત્રિવેદી (કાંદીવલી) નાં પ્રમુખ સ્થાને શ્રી ઠક્કાઇ ભાટિયા સેવા ફંડ, શંકર ગલીના નાકે, એસ. વ્હી. રોડ, કાંદીવલી (પશ્ચિમ), મુંબઇ ૪૦૦ ૦૬૭ ખાતે રાખેલ છે.

<u>કાર્યક્રમની રૂપરેખા</u>

| | |
|---|---|
| સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ચહા-કૉફી-નાસ્તો |
| સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ | સ્નેહ-મિલન તથા વેલકમ ડ્રીંક્સ |
| બપોરે ૧૨.૦૦ થી ૨.૩૦ | પ્રિતી ભોજન સમારંભ |
| બપોરે ૨.૩૦ થી ૪.૦૦ | સંસ્થાકિય કાર્યક્રમ - ઈનામ વિતરણ |
| | પ્રથમ નગરસેવિકા **બિન્દુબેન ચેતનકુમાર ત્રિવેદી (ઘાટકોપર)** નું બહુમાન |
| | ૮૦ વર્ષથી ઉપરનાઓ સિટીઝનોનું બહુમાન |
| બપોરે ૪.૩૦ થી ૫.૩૦ | ચહા કૉફી |
| સાંજે ૫.૩૦ થી ૮.૦૦ | મનોરંજન કાર્યક્રમ |
| રાત્રે ૮.૦૦ થી ૯.૩૦ | રાત્રી ભોજન |

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા આપ સર્વેને સહકુટુંબ, સમયસર ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

દરેક જ્ઞાતિજનોને ખાસ વિનંતી કે ઘરદીઠ હાજર રહેનાર વ્યક્તિની નોંધ તા. ૨૧-૧૦-૨૦૧૭ સુધીમાં ફોનદ્વારા જણાવે જેથી વ્યવસ્થામાં કસર ન રહે. આપણી જ્ઞાતિની બેન/દિકરીઓ ઈતર જ્ઞાતિમાં લગ્ન કરેલ હોય, તેને પણ સંસ્થા સહ-પરિવાર નિમંત્રીત કરે છે. તેમના સરનામાં સંસ્થામાં નોંધાવશો તો તેમને પણ સરક્યુલર મોકલવા પ્રયત્ન કરીશું. તદ્ઉપરાંત વાપી, વલસાડ, પૂના સુધી જ્ઞાતિબંધુને સરક્યુલર મોકલી નિમંત્રણ આપી રહ્યાં છીએ.

આટલો સુંદર, પૂરા દિવસનો ભરચક કાર્યક્રમ આપણે આપીએ તેની પાછળ સારો ખર્ચ પણ થાય છે. તે આપ સૌ જાણો છો.

શ્રી
MOCHAUM
ESTD : 2004

# શ્રી મોઢ ચાતુર્વેદિય ઉત્કર્ષ મંડળ

C/o, ચેતન એન. ત્રિવેદી: ૮૦૩/૮૦૪, કર્મ સંદેશ-૨, જનતા કોલોની રોડ, હીંગવાલા કોસ લેન, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ - ૭૭, મોબાઈલ - ૯૮૨૦૫૪૫૬૭૬, ફોન : ૨૫૦૧૨૮૧૨

Regd. No. : E 22310 (Mumbai) Dt. 28/01/2005

નોંધાવેલ ફાળાની આવક ઘણીજ ઓછી હતી. આ વર્ષે ૧૦ ટકા ખર્ચો વધવામાં છે. આપ સહુ સમજદાર છો, ઉદાર હાથે ફાળો લખાવો તો તોટો ન આવે. આ વાત ખાસ લક્ષમાં રાખશો.

મુંબઈ મહાનગરપાલિકામાં સૌ પ્રથમવાર નગરસેવિકા તરીકે ચુંટાઈ આવનાર શ્રીમતિ બિન્દુબેન ચેતનકુમાર ત્રિવેદી (ઘાટકોપર) આપણી જ્ઞાતિનું ગૌરવ છે. તેમનું ભાવપૂર્વક સન્માન કરવામાં આવશે. તે આપણી ફરજ પણ છે.

આ સિવાય પરિચય મેળો, સ્પોર્ટ્સ ઈનડોઅર ગેમ્સ, પિકનિક આવા અનેક પ્રોગ્રામ આપવાની સંસ્થાની તૈયારી છે. જરૂર છે આપની હાજરી તેમજ સહયોગની.

બાળકોને ઈનામ માટે રિઝલ્ટની કોપી તા. ૧૫.૧૦.૨૦૧૭ સુધીમાં મોકલવાની રહેશે. હાજર વિદ્યાર્થીઓને જ ઈનામ મળી શકશે જે આપને ખબર જ છે.

દરેક જ્ઞાતિબિંધુ વધુને વધુ સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને દિપાવે જેથી ઉત્સાહ અને ઉમંગ જળવાઈ રહે.

તા.ક. : મનોરંજન કાર્યક્રમમાટે જ્ઞાતિની કોઈપણ વ્યક્તિ પાંચ મિનીટ નો પ્રોગ્રામ આપી શકશે. આ માટે આપ નીચે જણાવેલ મેમ્બરોનો સંપર્ક કરશો.

| વૈશાલી એન. ત્રિવેદી | નિતેશ સી. ત્રિવેદી | રક્ષા એ. દીક્ષિત |
|---|---|---|
| 99207 24383 | 98209 83173 | 93211 26467 |

લિ.

**શ્રી મોઢ ચાતુર્વેદિય ઉત્કર્ષ મંડળ**

-: કારોબારી :-

**વિજય વી. ભટ્ટ (પ્રમુખ) Mobile 98202 06523**

વિજય પી. જાની (ઉપ-પ્રમુખ) Mobile 98202 30731

પ્રદિપ જી. ત્રિવેદી (માનદ્ મંત્રી) Mobile 98920 91422

દિપક એ. ત્રિવેદી (સહ માનદ્ મંત્રી) Mobile 97572 37277

ચેતન એન. ત્રિવેદી Mobile 98205 45676

સંજય એમ. શુક્લા Mobile 98201 57349

અક્ષય આર. દિક્ષિત Mobile 9321026467

-: કોઓપ્ટ મેમ્બર :-

પ્રકાશ જે. પાઠક Mobile 93264 71868

સોમદત્ત એન. ભટ્ટ Mobile 93242 45767

પંકજ જી. જાની Mobile 87799 63374

નોંધ : જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે કોઈપણ કારણસર સરક્યુલર ન મળે તો લાગતા વળગતા ને જાણ કરવા વિનંતી.